# મંગલગિરિ

| | | |
|---|---|---|
| ● આવાગમન ................ | : | રેલ્વે સ્ટેશન : સાગર - ૪ કિ.મી.<br>બસ સ્ટેશન : સાગર - ૪ કિ.મી. |
| ● પહોંચવાનો સરળ માર્ગ ... | : | સાગરથી સડક રસ્તે |
| ● નજીકનું મુખ્ય શહેર ....... | : | સાગર - ૪ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો ......... | : | રહલી પટનાગંજ - ૪૨ કિ.મી.,<br>નૈનાગિરિ - ૫૫ કિ.મી., બીના બારહા - ૭૦ કિ.મી.,<br>કુંડલપુર (દમોહ) - ૧૧૮ કિ.મી. |

સાગર શહેરથી ફક્ત ૪ કિ.મી. દૂર હાઈ-વેથી બાજુમાં નવા રોડ ઉપર આ નવુ તીર્થક્ષેત્ર વિકસી રહ્યું છે. અહીં એક નવું રંગબેરંગી સોનાકામ સાથેનું ભવ્ય જિનમંદિર બંધાઈ ગયું છે. ઈંદોરના સર શેઠ હુકમચંદજીનું કાચનું મંદિર જેવું છે, તેવું રંગબેરંગી કાચ અને સુવર્ણકામ સાથેનું આ મંદિર થયું છે. ભલે આ મંદિર ઈંદોરના મંદિર જેટલું વિશાળ નથી પણ તેના જેવું જરૂર થયું છે. મંદિરમાં ભોંયતળીયે પણ મોઝેઈક ટાઈલ્સને બદલે કિંમતી ગ્રેનાઈટ પથ્થર પાથરેલ છે. મંદિરમાં રંગબેરંગી કાચથી ધાર્મિક-ઐતિહાસિક સુંદર ચિત્રપટો દિવાલ ઉપર છે, જેવા કે (૧) ષટ્લેશ્યા (૨) શ્રી મહાવીરજી સમવસરણ (૩) સંસાર દર્શન (૪) રાજા શ્રેણીકની સવારી અને મેંઢકનો જીવ (૫) સુકુમાલ મુનિ (૬) ગિરનારજી સિદ્ધક્ષેત્ર (૭) કમઠ કા ઉપસર્ગ (૭) ગજકુમાર મુનિ (૯) યશોધર મુનિરાજ ઉપર શ્રેણીક રાજા દ્વારા ઉપસર્ગ - તેવા રંગબેરંગી કાચમાં સુશોભિત ચિત્રપટો છે.

મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના છે તથા પંચધાતુના ત્રણ તથા રૂપેરી ધાતુના એક ભગવાન છે. બધા જ ભગવાન પદ્માસન છે. મંદિરજીના થાંભલા, છત-બધે જ રંગબેરંગી કાચનું સોનાકામ સાથેનું કામ કરેલું છે. મંદિરનું શિખર ભવ્ય છે. તેના ઉપર સોનેરી કાચનો રંગબેરંગી સુશોભિત કવચ ચઢાવેલ છે. દિવાલમાં રંગબેરંગી કાચથી બનાવેલ ગુપ્ત ભંડારના દરવાજા ઉપર બે નાનકડા કાચ એવી રીતે ગોઠવેલા છે કે તેમાં જોતાં અનંતાનંત ભગવાન લાઈનસર દેખાય છે. બહુ જ સરસ રચના છે. તે બંને કાચમાં તે રીતે લાઈનબંધ ભગવાન દેખાય છે. આવા કાચ બીજે ક્યાંય હજુ સુધી જોયા નથી.

આ સંકુલમાં આ મંદિરની બાજુમાં જ બીજું નવું મંદિર - ઘણું ભવ્ય મંદિર સાકાર પામી રહ્યું છે. તેમાં ઊંચી વેદી ઉપર પંચધાતુના ખડ્ગાસને ૧૧। ફીટના શ્રી મહાવીર પ્રભુજી બિરાજમાન કરેલા છે. સામાન્ય રીતે બધે પંચધાતુના ભગવાન ૪-૫ ફીટના હોય છે અને તે પણ પદ્માસન હોય છે અગર તો પંચધાતુના ખડ્ગાસન પ્રતિમાજી ૪-૫ ફીટના હોય છે. જ્યારે અહીં તો ૧૧।

ફીટના ખડ્ગાસન પંચધાતુના પ્રતિમાજી છે, જેનું વજન ૯ ટન છે. આ મંદિર પૂર્ણ થશે ત્યારે ભવ્ય થશે.

સાગરથી ૨ કિ.મી. દૂર "શ્રી સ્યાદ્વાદ શિક્ષણ પરિષદ ટ્રસ્ટ, સાગર" દ્વારા આ ક્ષેત્ર વિકસાવવા માટે ૩૬ એકર જમીન ખરીદ કરાઈ છે. આ ક્ષેત્ર વિકસાવવા માટે મુનિ શ્રી વિદ્યાસાગરજી મહારાજ તથા શ્રી સુમતીસાગરજી મહારાજ અને શ્રી વિરામસાગરજી મહારાજ, વિગેરે ૧૫ મુનિઓનો અગત્યનો ફાળો છે. સન ૧૯૮૮માં શ્રી વિદ્યાસાગરજી મહારાજે આ ક્ષેત્રનું નામ "મંગલગિરિ ક્ષેત્ર" રાખ્યું છે. મંદિરનો શિલાયાન્સ તા. ૨૩ એપ્રિલ, ૧૯૯૫ના રોજ મધ્યપ્રદેશના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહના અતિથીવિશેષપદે થયો હતો. આ ક્ષેત્રના વિકાસ માટે લગભગ પાંચ કરોડ રૂપિયાનો પ્લાન તૈયાર કરવામાં આવેલો છે. અહીં લગભગ ૨૦૦ રૂમની ધર્મશાળા થશે. શ્રી મહાવીર જિનાલયમાં ચોવીસ મંદિરો થશે, જ્યાં હાલ પંચધાતુના ૧૧। ફીટના શ્રી મહાવીર પ્રભુ બિરાજમાન કર્યા છે. તેમજ પરમાર્થિક ઔષધાલય, વૃદ્ધાશ્રમ, સાધુઓને રહેવા માટે મકાન, સ્વાધ્યાય હોલ, વિગેરે કરવાનો પ્લાન પણ છે.

મંગલગિરિમાં રંગબેરંગી કાચનું કામ સોના કામ સાથે જે કારીગર કરી ગયો છે તેનું નામ-સરનામુ ઓફિસમાંથી મેળવેલ છે. તે આ પ્રમાણે છે : રાજુ લક્ષ્મી, મિલન આર્ટ C/o - કુમાવત ગ્લાસ સ્ટોર, નાવાં શહર, જિલ્લો નાગોર. રાજસ્થાન. પિન કોડ - ૩૪૧૫૦૯. ફોન નં. ૦૧૫૮૬-૨૬૨૦૮૨ છે.

લોકોને ભુલવાનાં સ્થાન જ્યાં-ત્યાં ઘણા છે. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું કથન હોય ત્યાં એમ જ આવે કે "પુણ્ય પરિણામ સર્વથી હેય એટલે કે ત્યાગવા યોગ્ય છે. પાંચ મહાવ્રતાદિ સર્વ શુભ પરિણામ તે આસ્રવ છે-કર્મભાવ છે. માટે છોડવા યોગ્ય છે." પણ હજી જે જીવ પરમાર્થ તત્વને પામ્યો નથી, રાગ-દ્વેષ-અજ્ઞાનભાવમાં ટક્યો છે અને મંદ કષાયનો પુરુષાર્થ છોડીને સ્વછંદે અનાચારમાં વર્તે છે. તેને મુમુક્ષુપણુ પણ સંભવે નહીં. વળી ધર્માત્મા સાધકને હજી ચારિત્રની અધુરાશ છે. અભિપ્રાયમાં રાગાદિ અસ્થિરતા સર્વથા હેય-ત્યાગવા યોગ્ય છે. પણ વચ્ચે શુભ પરિણામ અને શુભ નિમિત્ત આવે જ. પણ આ શુભનો નિષેધ કરી, અશુભમાં વર્તે છે. તે કાંઈ સમજ્યો નથી. શાસ્ત્ર કથનમાં અનેક ઠેકાણે - કદાચ કોઈ કથનમાં વિરોધ જેવુ લાગે તો તેનો પરમાર્થ આશય નયની અપેક્ષાએ સમજી લે. ક્યાંય મુંઝાય નહીં.